# શિક્ષક તાલીમનું સાહિત્ય

## બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯

## બાળશિક્ષા નિર્મૂલન અને સમાજઘડતર

**ધોરણ : ૧ થી ૭**

**વિષયવસ્તુ સંકલન :**

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**
'વિદ્યાભવન', ઘ-૪ સર્કલ પાસે,
સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૨
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨

**પ્રકાશક**

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**સર્વ શિક્ષા અભિયાન મિશન**
ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨ ૩૪૯૩૯, ૩૫૦૬૯
ફેક્સ : (૦૭૯) ૨૩૨ ૩૨૪૩૬

**એપ્રિલ ૨૦૧૦**

# પ્રસ્તાવના

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૭૯નું વર્ષ આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે જાહેર કર્યું, ત્યારથી વિશ્વના મોટા ભાગના દેશો બાળકોના પોષણ, આરોગ્ય માનસિક જરૂરિયાતો પૂરી પાડવા સજાગ બન્યા. યુનિસેફ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પણ આ દિશામાં પોતાના પ્રયત્નોનો આરંભ કર્યો. દુનિયાના ગરીબ દેશોમાં બાળકો અજ્ઞાન, ગરીબી અને કુપોષણ જેવી સમસ્યાઓથી પીડાય છે. વળી તેમના વાલીઓ પણ બૌદ્ધિક અને આર્થિક નબળી પરિસ્થિતિને કારણે બાળકની આવશ્યક જરૂરિયાતો પૂર્ણ કરી શકતા નથી તેથી દરેક બાળકે પોતાના મળેલા હકોથી પરિચિત રહી શક્યા નહિ.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૫ સુધીમાં સાર્વત્રિક ''પ્રાથમિક શિક્ષણ''નું લક્ષ નક્કી કરવામાં આવ્યું છે. આપણે એ નિર્ણયના ભાગીદાર હોવાથી આપણી સરકારોએ પણ એ લક્ષ સ્વીકારેલું છે. આમ પણ કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ એ આપણી કટિબદ્ધતા છે. એટલે જ ૨૦૦૨માં બંધારણમાં ૮૬માં સુધારો કરીને પ્રાથમિક શિક્ષણના અધિકારોને મૂળભૂત અધિકાર (આર્ટિકલ ૨૧ એ) બનાવવામાં આવ્યો અને તાજેતરમાં જ આપણી સંસદે ''બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ''નો અધિકાર કાયદો-૨૦૦૯ પસાર કર્યો. આ પહેલા ગુજરાત રાજ્ય ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૬૧નો કાયદો અમલમાં હતો.

### ■ આંતરરાષ્ટ્રીય સ્તરે બાળકનાં ૧૧ હકો સ્વીકારાયા છે.

૧. વ્યક્તિત્વનું સ્વતંત્ર અસ્તિત્વ

૨. પ્રેમ-હૂંફ અને સંરક્ષણ મેળવવું.

૩. બાળપણ ભોગવવું.

૪. શોષણમુક્તિ

૫. શારીરિક સજામાંથી મુક્તિ

૬. પ્રોત્સાહન મેળવવું.

૭. સામાજિક જીવન મેળવવું.

૮. સ્વ-ઓળખ પ્રાપ્ત કરવી.

૯. નિર્ણય લેવો.

૧૦. શિક્ષણ પ્રાપ્ત કરવું.

૧૧. સંકલિત સેવા મેળવવી.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રારંભિક | ૬-૮ |
| ૨. | મફત અને ફરજિયાત શિક્ષણનો હક | ૯-૧૦ |
| ૩. | યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો | ૧૧-૧૪ |
| ૪. | શાળા અને શિક્ષકોની જવાબદારીઓ | ૧૫-૨૦ |
| ૫. | અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું | ૨૧ |
| ૬. | બાળકોના હકનું રક્ષણ | ૨૨-૨૩ |
| ૭. | પ્રકીર્ણ | ૨૪-૨૬ |
| ૮. | અનુસૂચિ (જુઓ કલમ-૧૯ અને ૨૫) શાળા માટેનાં ધોરણ અને માપદંડ | ૨૭-૨૮ |
| ૯. | બાળશિક્ષા નિર્મૂલન અને સમાજઘડતર | ૨૯-૩૧ |

# બાળકોને
# મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯
# (૨૦૦૯નો ૩૫મો)

(૨૬-મી ઑગસ્ટ, ૨૦૦૯)

સંસદે પસાર કરેલા નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિશ્રીની બહાલી મળતાં, તે સર્વ લોકોની જાણ સારુ, આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.[૧]

છથી ચૌદ વર્ષની વયનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટેનો અધિનિયમ

પ્રજાસત્તાક ભારતના સાઠમા વર્ષમાં સંસદે ઘડેલ અધિનિયમ નીચે મુજબ છે.

૧. ભારતનું રાજપત્ર – અસાધારણ ભાગ : ૨ – ખંડ : ૧, કાયદા અને ન્યાયમંત્રાલય (વિધાન વિભાગ) નવી દિલ્હી દ્વારા ૨૭મી ઑગસ્ટ, ૨૦૦૯ના રોજ પ્રસિદ્ધ થયેલ છે.

# પ્રકરણ – ૧
# પ્રારંભિક

## ૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

(૧) આ અધિનિયમને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ કહેવામાં આવશે.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતને લાગુ પડશે.

(૩) કેન્દ્ર સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામું બહાર પાડે તે તારીખથી તે અમલમાં આવશે.

## ૨. વ્યાખ્યાઓ

આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય –

(ક) 'યોગ્ય સરકાર' એટલે –

(૧) કેન્દ્ર સરકારે સ્થાપેલી, તેની માલિકીની અથવા તેના નિયંત્રિત કરાતી શાળા બાબતમાં અથવા વિધાનમંડળ ન હોય તેવા સંઘ પ્રદેશના વહીવટકર્તા સંબંધમાં, કેન્દ્ર સરકાર;

(૨) નીચેના પ્રદેશમાં સ્થાપેલી પેટા-ખંડ (૧)માં જણાવેલી શાળા સિવાયની શાળા બાબતમાં –

(ક) રાજ્ય, રાજ્ય સરકાર

(ખ) વિધાન મંડળ ધરાવતા સંઘ પ્રદેશ, તે સંઘ પ્રદેશની સરકાર

(ખ) 'માથાદીઠ ફી' એટલે કોઈ પણ પ્રકારનું દાન અથવા ફાળો અથવા શાળાએ અધિસૂચિત કરેલી ફી સિવાયની ચુકવણી અથવા વિધાનમંડળ ન હોય તેવા સંઘ પ્રદેશના વહીવટકર્તા સંબંધમાં, કેન્દ્ર સરકાર;

(ગ) 'બાળક' એટલે છથી ચૌદ છોકરો અથવા છોકરી;

(ઘ) 'વંચિત જૂથનું બાળક' એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અથવા યોગ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરે તેવા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌગોલિક, ભાષાકીય, જાતિ અથવા આવાં બીજાં પરિબળને કારણે વંચિત રહેલાં આવાં બીજાજૂથનાં બાળકો;

(ચ) 'નબળા વર્ગનું બાળક' એટલે યોગ્ય સરકારે જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરેલી લઘુતમ મર્યાદા કરતાં જેમનાં માતા-પિતા અથવા વાલીની વાર્ષિક આવક ઓછી હોય, તેમનું બાળક;

(છ) 'પ્રાથમિક શિક્ષણ' એટલે પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ;

(જ) બાળક સંબંધમાં 'વાલી' એટલે તે બાળકની સંભાળ અને કબજો ધરાવતી વ્યક્તિ, તેમાં કુદરતી વાલી અથવા કોર્ટ અને કાયદાએ નીમેલ અથવા જાહેર કરેલી વ્યક્તિનો સમાવેશ થાય છે;

(ઝ) 'સ્થાનિક સત્તાતંત્ર' એટલે મહાનગરપાલિકા અથવા નગર પરિષદ અથવા જિલ્લા પરિષદ અથવા નગર પંચાયત અથવા પંચાયત, ગમે તે નામે ઓળખાતું સત્તાતંત્ર, અને તેમાં શાળા પર વહીવટી નિયંત્રણ ધરાવતું બીજું સત્તાતંત્ર અથવા મંડળ અથવા કોઈ પણ શહેર, નગર અથવા ગામમાં સ્થાનિક સત્તાતંત્ર તરીકે કામ કરવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે અન્વયે સત્તા અપાયેલ સત્તાતંત્રનો સમાવેશ થાય છે.

(ટ) 'બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ' એટલે બાળકોના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમ, ૨૦૦૫ (૨૦૦૬નો ચોથો)ની કલમ-૩ નીચે રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ;

(ઠ) 'જાહેરનામું' એટલે સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું;

(ડ) 'માતા-પિતા' એટલે બાળકના કુદરતી અથવા ઓરમાન અથવા દત્તક લેનાર પિતા અથવા માતા;

(ઢ) 'નિયત કરેલ' એટલે આ અધિનિયમ હેઠળ બનાવેલ નિયમોથી નિયત કરેલ;

(ત) 'અનુસૂચિ' એટલે આ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિ;

(થ) 'શાળા' એટલે પ્રાથમિક શિક્ષણ આપતી કોઈ પણ માન્ય શાળા, તેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(૧) યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે સ્થાપેલ, તેની માલિકી અથવા તેમનાથી નિયંત્રિત થતી શાળા;

(૨) સહાયિત શાળા એટલે પોતાના સંપૂર્ણ અથવા અંશતઃ ખર્ચને પહોંચી વળવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર પાસેથી સહાય અથવા ગ્રાન્ટ મેળવતી શાળા;

(૩) નિર્દિષ્ટ વર્ગની શાળા; અને

(૪) પોતાના ખર્ચને પહોંચી વળવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર તરફથી કોઈ પણ પ્રકારની સહાય કે ગ્રાન્ટ ન મેળવતી બિન-સહાયિત શાળા;

(દ) 'તપાસ કાર્યપદ્ધતિ' એટલે યદચ્છા પદ્ધતિ સિવાયની બીજી પદ્ધતિથી એક બાળક કરતાં બીજાને પ્રવેશ માટે પસંદગી આપવાની પદ્ધતિ;

(ધ) શાળા સંબંધમાં 'નિર્દિષ્ટ વર્ગ' એટલે કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય તરીકે ઓળખાતી અથવા યોગ્ય સરકાર જાહેરનામું પ્રસિદ્ધ કરી નિર્દિષ્ટ કરે તેવી બીજી વિશિષ્ટ લક્ષણ ધરાવતી શાળા;

(ન) 'બાળકોના હકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ' એટલે બાળકોના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમ-૨૦૦૫ (૨૦૦૬નો ચોથો)ની કલમ-૩ નીચે રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ.

# પ્રકરણ-૨
# મફત અને ફરજિયાત શિક્ષણનો હક

## ૩. મફત અને ફરજિયાત શિક્ષણ અંગે બાળકનો હક

(૧) છથી ચૌદ વર્ષની ઉંમરના દરેક બાળકને તેની નજીકની શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક રહેશે.

(૨) પેટા-કલમ(૧)ના હેતુ સારુ કોઈ બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ લેવા અને પૂરું કરવામાંથી અટકાવે તેવી કોઈ પણ પ્રકારની ફી અથવા ચાર્જ અથવા ખર્ચ ચૂકવવા તે જવાબદાર રહેશે નહિ.

પરંતુ અશક્તતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ અધિનિયમ, ૧૯૯૬ (૧૯૯૬નો પહેલો)ની કલમ-૨ના ખંડ(૧)માં વ્યાખ્યા કર્યા મુજબ અશક્તતાથી પીડાતા બાળકને ઉક્ત અધિનિયમના પ્રકરણ-૫ની જોગવાઈઓ અનુસાર મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક રહેશે.

## ૪. પ્રવેશ ન અપાયેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું ન કર્યું હોય તેવાં બાળકો માટે ખાસ જોગવાઈઓ

છ વર્ષથી વધુ ઉંમરના કોઈ બાળકને કોઈ શાળામાં પ્રવેશ ન અપાયો હોય અથવા પ્રવેશ અપાયા છતાં, તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો/શકી હોય તેને તેની ઉંમરને અનુરૂપ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે;

પરંતુ બાળકને તેની ઉંમર મુજબના વર્ગમાં પ્રત્યક્ષ પ્રવેશ અપાયો હોય ત્યાં તે બાળક બીજા સાથે સમાન રહી શકે તે માટે, નિયત કરવામાં આવે તેવી રીતે અને તેવી સમય-મર્યાદાની અંદર ખાસ તાલીમ મેળવવાનો હક રહેશે.

વધુમાં જોગવાઈ એવી છે કે, પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ અપાયેલ બાળક ચૌદ વર્ષ પછી પણ પ્રાથમિક શિક્ષણ પૂરું કરતાં સુધી મફત શિક્ષણ મેળવવાને પાત્ર રહેશે.

## ૫. બીજી શાળામાં બદલી મેળવવાનો હક

(૧) જ્યાં શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે જોગવાઈ ન હોય ત્યાં, આવા બાળકને, તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની બીજી કોઈ પણ શાળામાં બદલી મેળવવાનો હક રહેશે.

(૨) જ્યાં બાળકને કોઈ ગમે તે કારણસર રાજ્યની અંદર કે રાજ્યની બહાર એક શાળામાંથી બીજીમાં ખસવાનું જરૂરી બને ત્યાં આવા બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની બીજી કોઈ શાળામાં મેળવવાનો હક રહેશે.

(૩) આવી બીજી શાળામાં પ્રવેશ મેળવવા ઇચ્છતું હોય, આવું બાળક જ્યાં તે છેલ્લે પ્રવેશ મળ્યો હોય તેવી શાળાના મુખ્ય શિક્ષક અથવા શાળાના પ્રભારી (ઇન્ચાર્જ) તરત બદલી પ્રમાણપત્ર કાઢી આપશે.

પરંતુ બદલી પ્રમાણપત્ર રજૂ કરવામાં વિલંબને આવી બીજી શાળામાં પ્રવેશ આપવામાં વિલંબ કરવા કે નકારવા માટેનું કારણ નહિ રહે;

વધુમાં જોગવાઈ એવી છે કે, બદલી પ્રમાણપત્ર કાઢી આપવામાં વિલંબ કરનાર મુખ્ય શિક્ષક અથવા શાળાના પ્રભારી સામે તેમને લાગુ પડતા સેવા નિયમો અનુસાર શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે.

# પ્રકરણ-૩

# યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો

## ૬. શાળા સ્થાપવા માટે યોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્રની ફરજો

આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા, આ અધિનિયમની શરૂઆતથી ત્રણ વર્ષની અંદર, આવી શાળા સ્થપાઈ ન હોય તેવા વિસ્તાર અથવા નજીકની મર્યાદાની અંદર યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારી શાળા સ્થાપશે.

## ૭. નાણાકીય અને બીજી જવાબદારીઓનું વિભાજન

(૧) આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે નાણા પૂરાં પાડવાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સહવર્તી જવાબદારી રહેશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે મૂડી અને આવર્તક ખર્ચના અંદાજ કેન્દ્ર સરકાર તૈયાર કરશે.

(૩) કેન્દ્ર સરકાર પેટા-કલમ(૨)માં જણાવેલ રાજ્ય સરકારો સાથે પરામર્શ કરી વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ખર્ચની ટકાવારી મહેસૂલની સહાયક ગ્રાન્ટ તરીકે રાજ્ય સરકારોને પૂરી પાડશે.

(૪) કોઈ રાજ્ય સરકારને પૂરા પાડવાનાં વધારાનાં સંસાધનો માટેની જરૂરિયાત તપાસવા ભારતના સંવિધાનની કલમ-૨૮૦ના ખંડ(૩)ના પેટા-ખંડ(ઘ) અનુસાર નાણા આયોગને પુછાવવા માટે કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિશ્રીને વિનંતી કરી શકશે, જેથી અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા ઉક્ત રાજ્ય સરકાર નાણાંના પોતાના હિસ્સાની જોગવાઈ કરી શકે.

(૫) પેટા-ખંડ(૪)માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, રાજ્ય સરકાર, પેટા-કલમ(૩) હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકારે આપેલી રકમ અને તેનાં બીજાં સંસાધનો ધ્યાનમાં લીધા બાદ આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે નાણાં પૂરાં પાડવા રાજ્ય સરકાર જવાબદાર રહેશે.

(૬) કેન્દ્ર સરકાર –

(ક) કલમ-૨૯ હેઠળ નિર્દિષ્ટ કરેલ શૈક્ષણિક સત્તાતંત્રની મદદથી રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું વિકસાવશે.

(ખ) શિક્ષકોની તાલીમ માટેનાં ધોરણો વિકસાવશે અને તેનો અમલ કરશે;

(ગ) નવીનતા સંશોધન, આયોજન અને કાર્યક્ષમતા ઘડતરને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારને ટેક્નિકલ સહાય અને સંશોધનો પૂરાં પાડશે.

## ૮. યોગ્ય સરકારની ફરજો

યોગ્ય સરકાર –

(ક) દરેક બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે;

પરંતુ બાળકને યથાપ્રસંગ તેનાં માતા-પિતા અથવા વાલીએ યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સારાં એવાં નાણાં પૂરાં પાડ્યાં હોય અથવા સ્થાપેલી, માલિકીની, નિયંત્રિત કરેલી શાળા સિવાયની શાળામાં પ્રવેશ અપાવ્યો હોય ત્યાં યથાપ્રસંગ, આવા બાળક અથવા માતા-પિતા અથવા વાલી આવી બીજી શાળામાં બાળકના પ્રાથમિક શિક્ષણ અંગે કરેલા ખર્ચની ભરપાઈ મેળવવા માટે દાવો કરી શકશે નહિ.

સ્પષ્ટીકરણ – 'ફરજિયાત શિક્ષણ' શબ્દપ્રયોગ એટલે યોગ્ય સરકારની

(૧) છ વર્ષથી ચૌદ વર્ષ સુધીની ઉંમરના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ મફત પૂરું પાડવાની જવાબદારી;

અને

(૨) છ વર્ષથી ચૌદ વર્ષની ઉંમરના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણમાં ફરજિયાત પ્રવેશ, તેની હાજરીની અને તે પૂરું કરવાની સુનિશ્ચિત કરવાની જવાબદારી;

(ખ) કલમ-૬માં નિર્દિષ્ટ કર્યા મુજબ નજીકની શાળાની ઉપલબ્ધતા નિશ્ચિત કરશે;

(ગ) નબળા વર્ગમાં અને વંચિત જૂથનાં બાળકો સામે કોઈ પણ કારણસર પ્રાથમિક શિક્ષણ મેળવવા અને પૂરું કરવા ભેદભાવ ન રખાય અથવા તેને અટકાવાય નહિ તે નિશ્ચિત કરશે;

(ઘ) શાળાના મકાન સહિત આધાર માળખું, શૈક્ષણિક સ્ટાફ અને ભણવાની સામગ્રી પૂરાં પાડશે;

(ચ) કલમ-૪માં નિર્દિષ્ટ કરેલી ખાસ તાલીમની સગવડ પૂરી પાડશે;

(છ) દરેક બાળક પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ, હાજરી અને તે પૂરું કરવા અંગે દેખરેખ નિયંત્રણ નિશ્ચિત કરશે;

(જ) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડને અનુરૂપ પ્રાથમિક શિક્ષણની સારી ગુણવત્તા નિશ્ચિત કરશે;

(ઝ) પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણના કાર્યક્રમ સમયસર નિયત કરશે; અને

(ટ) શિક્ષકો માટે તાલીમની સગવડ પૂરી પાડશે.

## ૯. સ્થાનિક સત્તાતંત્રની ફરજો

દરેક સ્થાનિક સત્તાતંત્ર –

(ક) દરેક બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે;

પરંતુ બાળકને યથાપ્રસંગ તેનાં માતા-પિતા અથવા વાલીએ યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સારાં એવાં નાણાં પૂરાં પાડ્યાં હોય અથવા સ્થાપેલી માલિકીની કે નિયંત્રિત કરેલી શાળા સિવાયની શાળામાં પ્રવેશ અપાવ્યો હોય ત્યાં આવા બાળક અથવા માતા-પિતા અથવા વાલી બીજી શાળામાં બાળકના પ્રાથમિક શિક્ષણ અંગે કરેલા ખર્ચની ભરપાઈ મેળવવા માટે દાવો કરી શકશે નહિ.

(ખ) કલમ-૬માં નિર્દિષ્ટ કર્યા મુજબ નજીકની શાળાની ઉપલભ્યતા નિશ્ચિત કરશે;

(ગ) નબળા વર્ગનાં અને વંચિત જૂથમાં બાળકો સામે કોઈ પણ કારણસર પ્રાથમિક શિક્ષણ મેળવવા અને પૂરું કરવા ભેદભાવ ન રખાય અથવા તેમને અટકાવાય નહિ તે સુનિશ્ચિત કરશે.

(ઘ) પોતાના ક્ષેત્રાધિકારની અંદર રહેતા ચૌદ વર્ષ સુધીની ઉંમરનાં બાળકોનું રેકર્ડ નિયત કરવામાં આવે તેવી રીતે રાખશે;

(ચ) પોતાના ક્ષેત્રાધિકારની અંદર રહેતા દરેક બાળકના પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ, હાજરી અને તે પૂરું કરવા અંગે દેખરેખ-નિયંત્રણ નિશ્ચિત કરશે;

(છ) શાળાના મકાન સહિત આધાર માળખું, શૈક્ષણિક સ્ટાફ અને ભણવાની સામગ્રી પૂરાં પાડશે;

(જ) કલમ-૪માં નિર્દિષ્ટ કરેલી ખાસ તાલીમ સગપડ પૂરી પાડશે;

(ઝ) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડને અનુરૂપ પ્રાથમિક શિક્ષણની સારી ગુણવત્તા નિશ્ચિત કરશે;

(ટ) પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણના કાર્યક્રમ સમયસર નિશ્ચિત કરશે;

(ઠ) શિક્ષકો માટે તાલીમની સગવડ પૂરી પાડશે;

(ડ) સ્થળાંતરિત કુટુંબોનાં બાળકોનો પ્રવેશ નિશ્ચિત કરી આપશે;

(ઢ) પોતાના ક્ષેત્રાધિકારની અંદરની શાળાઓની કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખશે; અને

(ત) શૈક્ષણિક કેલેન્ડર નક્કી કરશે.

## ૧૦. માતા-પિતા અને વાલીઓની ફરજ

પોતાના બાળક અથવા પાલ્યને નજીકની શાળામાં પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ આપવા અથવા અપાવવાની ફરજ દરેક માતા-પિતા અથવા વાલીની રહેશે.

## ૧૧. યોગ્ય સરકારે પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડવું

ત્રણ વર્ષથી ઉપરની વયના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા અને તે છ વર્ષની ઉંમર પૂરી કરે ત્યાં સુધી બધાં બાળકો માટે બાળપણની વહેલી સંભાળ અને શિક્ષણ પૂરું પાડવા. આવા બાળકો માટે મફત પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડવા માટે યોગ્ય સરકાર જરૂરી વ્યવસ્થા કરશે.

## પ્રકરણ-૪
## શાળા અને શિક્ષકોની જવાબદારીઓ

### ૧૨. મફત અને ફરજિયાત શિક્ષણ માટે શાળાની જવાબદારીનું પ્રમાણ

(૧) આ અધિનિયમના હેતુસર, શાળા –

(ક) તેમાં દાખલ કરેલા બધા વિદ્યાર્થીઓને કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડશે;

(ખ) તેમાં દાખલ કરેલાં બાળકોના અમુક પ્રમાણને ઓછામાં ઓછા પચીસ ટકાને અધીન રહીને તેના વાર્ષિક આવર્તક ખર્ચ માટે મળેલી તેની વાર્ષિક આવર્તક સહાય અથવા ગ્રાન્ટ તરીકે કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૨)માં નિર્દિષ્ટ કરેલ મફત અને ફરજિયાત, પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે;

(ગ) નબળા વર્ગનાં અને વંચિત બાળકોને નજીકની શાળામાં તે વર્ગનાં બાળકોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા પચીસ ટકા બાળકોને કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલ ધોરણ ૧માં દાખલ કરશે અને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધી તે શિક્ષણ પૂરું પાડશે;

પરંતુ વધુમાં કલમ-૨ના ખંડ(થ)માં નિર્દિષ્ટ કરેલી શાળા પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડતી હોય ત્યાં આવી પૂર્વ-શાળા શિક્ષણમાં પ્રવેશ માટે ખંડ(ક)થી (ગ)ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) પેટા-કલમ(૧)ના ખંડ(ગ)માં નિર્દિષ્ટ કર્યા મુજબ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતી કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા, રાજ્યે કરેલ બાળક દીઠ ખર્ચના પ્રમાણમાં અથવા બાળક પાસેથી ચાર્જ કરેલ ખરેખર રકમ એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ નિયત કરવામાં આવે તે રીતે ભરપાઈ કરશે;

પરંતુ આવી ભરપાઈ કરવાની, રકમ કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૧)ના નિર્દિષ્ટ કરેલા બાળક દીઠ ખર્ચ કરતાં વધશે નહિ;

પરંતુ વધુમાં, કોઈ જમીન, મકાન, સાધનસામગ્રી અથવા બીજી સગવડો વિના મૂલ્યે અથવા

રાહતના દરે મેળવી હોવાના કારણે બાળકોની નિર્દિષ્ટ સંખ્યાને મફત શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી આવી શાળા ધરાવતી હોય ત્યાં આવી શાળા આવી જવાબદારીના પ્રમાણમાં રકમ ભરપાઈ મેળવવા હકદાર રહેશે નહિ.

(૩) દરેક શાળા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રને જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડશે.

## ૧૩. પ્રવેશ માટે માથાદીઠ ફી અને તપાસ કાર્યપદ્ધતિ નહિ

(૧) કોઈ શાળા અથવા વ્યક્તિ બાળકને દાખલ કરતી વખતે કોઈ માથાદીઠ ફી વસૂલ કરશે નહિ અથવા તેનાં માતા-પિતા/વાલીને તપાસ કાર્યપદ્ધતિમાંથી પસાર થવાને અધીન કરશે નહિ.

(૨) કોઈ શાળા અથવા વ્યક્તિ પેટા–કલમ(૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને –

(ક) માથાદીઠ ફી મેળવે તો તેને દંડની સજા થઈ શકે, જે વસૂલ કરેલી માથાદીઠ ફીના ૧૦ ગુણોત્તર સુધી થઈ શકશે.

(ખ) બાળકને તપાસ કાર્યપદ્ધતિને અધીન કરે તેને પ્રથમ ઉલ્લંઘન બદલ રૂપિયા પચીસ હજાર અને દરેક પછીના ઉલ્લંઘન બદલ રૂપિયા પચાસ હજાર સુધીનો દંડ થઈ શકશે.

## ૧૪. પ્રવેશ માટે ઉંમરની સાબિતી

(૧) પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશના હેતુ માટે, બાળકની જન્મ, મરણ અને લગ્ન નોંધણી અધિનિયમ, ૧૮૮૬(૧૮૮૬નો છઠ્ઠો)ની જોગવાઈઓ અનુસાર આપેલા જન્મ પ્રમાણપત્રના આધારે અથવા નિયત કરવામાં આવે તેવા બીજા કોઈ દસ્તાવેજના આધારે નક્કી કરવામાં આવશે.

(૨) ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને શાળામાં પ્રવેશનો ઇન્કાર કરાશે નહિ.

## ૧૫. પ્રવેશની ના પાડવી નહિ

બાળકને શૈક્ષણિક વર્ષની શરૂઆત વખતે અથવા નિયત કરવામાં આવે તેટલા લંબાવેલા સમયની અંદર દાખલ કરવામાં આવશે.

પરંતુ લંબાવેલા સમય પછી આવો પ્રવેશ માંગવામાં આવે તો કોઈ બાળકને પ્રવેશ માટે ઇન્કાર કરાશે નહિ.

વધુમાં જોગવાઈ એવી છે કે, કોઈ બાળકને લંબાવેલા સમય પછી પ્રવેશ આપવામાં આવે તેણે યોગ્ય સરકાર ઠરાવે તેવી રીતે તેનો અભ્યાસ પૂરો કરવાનો રહેશે.

## ૧૬. રોકી રાખવા અને કાઢી મૂકવાની મનાઈ

શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈ પણ ધોરણમાં રોકી શકાશે (Hold Back) અથવા કાઢી મૂકી શકાશે નહિ.

## ૧૭. બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત ઉપર પ્રતિબંધ

(૧) કોઈ પણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કરાશે નહિ.

(૨) પેટા-કલમ(૧)ની જોગવાઈનો જે કોઈ ભંગ કરશે તેવી વ્યક્તિ સામે આવી વ્યક્તિને લાગુ પડતા સેવા નિયમો હેઠળ શિસ્તવિષયક પગલાં લઈ શકાશે.

## ૧૮. માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ શાળા સ્થાપવી નહિ

(૧) યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે સ્થાપેલી, માલિકીની કે નિયંત્રિત કરેલી શાળા સિવાયની કોઈ શાળા આ અધિનિયમની શરૂઆત પછી, નિયત કરવામાં આવે તેવા સ્વરૂપે અને તે રીતે અરજી કરીને આવા સત્તાતંત્ર પાસેથી માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ પણ શાળા સ્થાપી શકાશે નહિ કે તેની કામગીરી કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ(૧) હેઠળ નિયત કરેલ સત્તાતંત્ર નિયત કરવામાં આવે તેવા સ્વરૂપમાં, તેટલા સમયની અંદર, તેવી રીતે અને તેવી શરતોએ માન્યતા પ્રમાણપત્ર કાઢી આપશે.

પરંતુ કલમ ૧૯ હેઠળ નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડ શાળા પરિપૂર્ણ ન કરે ત્યાં સુધી આવી કોઈ માન્યતા અપાશે નહિ.

(૩) માન્યતાની શરતોનું ઉલ્લંઘન કરતાં, નિયત કરેલ સત્તાતંત્ર લેખિત હુકમ કરીને માન્યતા પાછી ખેંચી લેશે.

પરંતુ આવા હુકમમાં, આવી અમાન્ય શાળામાં ભણતા બાળકને નજીકની કઈ શાળામાં દાખલ કરવાનો છે તેની સૂચનાનો સમાવેશ કરવામાં આવશે;

પરંતુ વધુમાં, આવી શાળાને નિયત કરવામાં આવે તેવી રીતે સાંભળવાની તક આપ્યા સિવાય માન્યતા પાછી ખેંચી લેવાશે નહિ.

(૪) પેટા-કલમ(૩) હેઠળ માન્યતા પાછી ખેંચવાની તારીખથી કોઈ શાળા કામગીરી ચાલુ રાખશે નહિ.

(૫) કોઈ વ્યક્તિ માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય શાળા સ્થાપે અથવા ચલાવે અથવા માન્યતા પાછી ખેંચાયા પછી શાળા ચલાવવાનું ચાલુ રાખે, તેને રૂપિયા એક લાખ સુધીનો દંડ થઈ શકશે અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં જેટલાં દિવસ આ ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂપિયા દસ હજાર સુધીનો દંડ થઈ શકશે.

## ૧૯. શાળા માટેનાં ધોરણ અને માપદંડ

(૧) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડ પરિપૂર્ણ ન કરે ત્યાં સુધી કોઈ પણ શાળા કલમ-૧૮ હેઠળ સ્થપાશે કે માન્ય રખાશે નહિ.

(૨) આ અધિનિયમની શરૂઆત અગાઉ સ્થપાયેલી શાળા, આ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણો અને માપદંડ પરિપૂર્ણ ન કરતી હોય ત્યાં તે આવી શરૂઆતની તારીખથી ત્રણ વર્ષની અંદર આવાં ધોરણ અને માપદંડ પોતાના ખર્ચે પરિપૂર્ણ કરવાનાં પગલાં લેશે.

(૩) પેટા કલમ(૨) હેઠળ નિર્દિષ્ટ કરેલા સમયની અંદર શાળા નિયત ધોરણ અને માપદંડ પરિપૂર્ણ ન કરે ત્યાં કલમ-૧૮ની પેટા-કલમ(૧)માં નિયત કરેલ સત્તા તેની પેટા-કલમ(૩) હેઠળ નિર્દિષ્ટ કરેલી રીતે આવી શાળાને અપાયેલી માન્યતા પાછી ખેંચી લેશે.

(૪) પેટા-કલમ(૩) હેઠળ માન્યતા પાછી ખેંચાવાની તારીખથી, કોઈ શાળા કામગીરી ચાલુ રાખશે નહિ.

(૫) માન્યતા પાછી ખેંચી લીધા પછી કોઈ, વ્યક્તિ શાળા ચલાવવાનું ચાલુ રાખે તેને એક લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકશે અને આ ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂપિયા દસ હજારનો દંડ થઈ શકશે.

## ૨૦. અનુસૂચિ સુધારવાની સત્તા

કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને અનુસૂચિમાં કોઈ ધોરણ અને માપદંડ ઉમેરીને અથવા તેમાંથી કમ કરીને અનુસૂચિ સુધારી શકશે.

## ૨૧. શાળા વ્યવસ્થા સમિતિ

(૧) કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની શાળા, સ્થાનિક સત્તાતંત્રનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને આવી શાળામાં દાખલ કરેલાં બાળકોનાં માતા-પિતા અથવા વાલી અને શિક્ષકોની બનેલી શાળા વ્યવસ્થા સમિતિની રચના કરશે;

પરંતુ આવી સમિતિના ઓછામાં ઓછા ૩/૪ સભ્યો બાળકોનાં માતા-પિતા અથવા વાલી રહેશે;

પરંતુ વધુમાં, વંચિત જૂથ અને નબળા વિભાગનાં બાળકોનાં માતા-પિતા અથવા વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવામાં આવશે.

પરંતુ વધુમાં, આવી સમિતિના પચાસ ટકા સભ્યોશ્રીઓ રહેશે.

(૨) શાળા વ્યવસ્થા સમિતિ નીચેનાં કાર્યો કરશે;

(ક) શાળાની કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખશે.

(ખ) શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણ કરશે.

(ગ) યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજા કોઈ સ્રોતમાંથી મળેલી ગ્રાન્ટના ઉપયોગ પર દેખરેખ નિયંત્રણ રાખશે.

(ઘ) નિયત કરવામાં આવે તેવાં બીજાં કાર્યો કરશે.

## ૨૨. શાળા વિકાસ યોજના

(૧) કલમ-૨૧ની પેટા-કલમ(૧) હેઠળ રચાયેલી પ્રત્યેક શાળા વ્યવસ્થા સમિતિ, નિયત કરવામાં આવે તેવી રીતે શાળા વિકાસ યોજના તૈયાર કરશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ આમ તૈયાર કરેલ શાળા વિકાસ યોજના યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે કરવાની યોજના અને ગ્રાન્ટ માટેનો આધાર રહેશે.

## ૨૩. શિક્ષકોની નિમણૂક માટેની લાયકાત અને નોકરીની શરતો

(૧) કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડીને અધિકૃત કરેલ શૈક્ષણિક સત્તાધિકારીએ નિયત કર્યા મુજબની લઘુતમ લાયકાત ધરાવતી કોઈ પણ વ્યક્તિ શિક્ષક તરીકે નીમી શકાશે.

(૨) રાજ્યમાં અભ્યાસક્રમ આપતી અથવા શિક્ષકોને શિક્ષણમાં તાલીમ આપતી પૂરતી સંસ્થાઓ ન હોય અને પેટા-કલમ(૧) હેઠળ નિયત કરેલી લઘુતમ લાયકાત ધરાવતા શિક્ષકો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય ત્યાં, કેન્દ્ર સરકાર, તેને જરૂરી લાગે, તો જાહેરનામું બહાર પાડીને, વધુમાં વધુ પાંચ વર્ષના સમય માટે શિક્ષક તરીકે નિમણૂક માટે લઘુતમ લાયકાતમાં તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી છૂટછાટ મૂકી શકશે.

પરંતુ આ અધિનિયમની શરૂઆત વખતે જે શિક્ષક પેટા-કલમ(૧) હેઠળ નિયત કરેલી લઘુતમ લાયકાત ન ધરાવતો હોય, તેણે પાંચ વર્ષની અંદર આવી લઘુતમ લાયકાત પ્રાપ્ત કરવાની રહેશે.

## ૨૪. શિક્ષકોની ફરજો અને ફરિયાદોનું નિવારણ

(૧) કલમ-૨૩ની પેટા-કલમ(૧) હેઠળ નિમાયેલ શિક્ષક નીચેની ફરજો બજાવશે.

(ક) શાળામાં હાજર રહેવામાં નિયમિત રહેશે અને સમયનું પાલન કરશે;

(ખ) કલમ-૨૯ની પેટા-કલમ(૨)ની જોગવાઈઓ અનુસાર અભ્યાસક્રમ ચલાવશે અને પૂરો કરશે.

(ગ) નિર્દિષ્ટ સમયની અંદર સંપૂર્ણ અભ્યાસક્રમ પૂરો કરશે.

(ઘ) દરેક બાળકની ભણવાની શક્તિનો કયાસ કાઢી તદ્નુસાર વધારાની શિક્ષણની જરૂરિયાત હોય તો તેમાં પૂરક બનશે;

(ચ) બાળકોનાં માતા-પિતા અને વાલીઓ સાથે નિયમિત બેઠકો યોજી બાળકની હાજરીની નિયમિતતા, ભણવાની શક્તિ, ભણવામાં સાધેલી પ્રગતિ અને બાળક અંગે બીજી કોઈ પ્રસ્તુત માહિતી જણાવશે; અને

(છ) નિયત કરવામાં આવે તેવી બીજી કોઈ ફરજો બજાવશે;

(૨) પેટા-કલમ(૧)માં નિર્દિષ્ટ કરેલી ફરજ શિક્ષક ન બજાવે તો તેને લાગુ પડતા સેવા નિયમો અનુસાર તેની સામે શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે;

પરંતુ આવાં શિસ્ત વિષયક પગલાં લેતાં પહેલાં આવા શિક્ષકને સાંભળવાની યોગ્ય તક આપવામાં આવશે;

(૩) શિક્ષકની કોઈ ફરિયાદ હોય, તો તેનું નિયત કરવામાં આવે તે રીતે નિવારણ કરવામાં આવશે.

## ૨૫. વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર

(૧) આ અધિનિયમ શરૂ થયાની તારીખથી છ મહિનાની અંદર, યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વિદ્યાર્થી-શિક્ષકોનો ગુણોત્તર દરેક શાળામાં જળવાય છે તે નિશ્ચિત કરશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર જાળવવાનો હેતુ માટે શાળામાં મુકાયેલ શિક્ષકને બીજી કોઈ શાળા અથવા કચેરીમાં નોકરી કરવા દેવાશે નહિ અથવા કલમ ૨૭માં નિર્દિષ્ટ કરેલા હેતુ સિવાય બીજા કોઈ બિન-શૈક્ષણિક હેતુ માટે મુકાશે નહિ.

## ૨૬. શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવી

યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપેલાં નાણાંની સ્થપાયેલ માલિકીની, નિયંત્રિત થયેલી કે નાણાંની સારી એવી સહાય મેળવતી શાળા સંબંધમાં, નિમણૂક અધિકારી તેના નિયંત્રણ હેઠળની શાળામાં શિક્ષકોની મંજૂર કરેલ કુલ સંખ્યાના ૧૦ ટકા કરતાં ખાલી જગ્યાએ ન રહે તે સુનિશ્ચિત કરશે.

## ૨૭. શિક્ષકોને બિન-શૈક્ષણિક હેતુ માટે મૂકવા ઉપર પ્રતિબંધ

દસ વર્ષીય વસ્તી ગણતરી, આપત્તિ રાહત ફરજ અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા રાજ્ય વિધાનસભા અથવા સંસદની ચૂંટણીને લગતી ફરજો સિવાય કોઈ પણ શિક્ષકને કોઈ બિન-શૈક્ષણિક હેતુ માટે મૂકી શકાશે નહિ.

## ૨૮. શિક્ષકોના ખાનગી ટ્યુશન ઉપર પ્રતિબંધ

કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિમાં કામ કરશે નહિ.

# પ્રકરણ-૫
# અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું

## ૨૯. અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ

(૧) પ્રાથમિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ, યોગ્ય સરકાર, જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરેલ શૈક્ષણિક સત્તાધિકારી નિયત કરશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ નિયત કરતી વખતે શૈક્ષણિક સત્તાધિકારી નીચેની બાબતો ધ્યાનમાં લેશે;

(ક) સંવિધાનમાં દર્શાવેલ મૂલ્યો સાથે સુસંગતતા;

(ખ) બાળકનો સર્વાંગી વિકાસ;

(ગ) બાળકનાં જ્ઞાન, ક્ષમતા અને બુદ્ધિશક્તિનું નિર્માણ;

(ઘ) બાળકની શારીરિક અને માનસિક શક્તિનો સંપૂર્ણ વિકાસ;

(ચ) બાળકને સુસંગત અને બાળક-કેન્દ્રી પ્રવૃત્તિઓ, શોધ, સંશોધન મારફત ભણતર;

(છ) શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી બાળકની માતૃભાષા રહેશે;

(જ) બાળકને ડર, માનસિક આઘાત અને ચિંતાથી મુક્ત બનાવવો અને બાળકને તેના વિચાર મુક્તપણે વ્યક્ત કરવામાં મદદ કરવી.

(ઝ) બાળકના જ્ઞાનની સમજ અને તેથી તે પ્રયોજવાની શક્તિનું સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકન.

## ૩૦. પરીક્ષા અને પૂરું કર્યાનું પ્રમાણપત્ર

(૧) બાળકે પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં બોર્ડની કોઈ પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

(૨) પ્રાથમિક શિક્ષણ પૂરું કરનાર દરેક બાળકને નિયત કરવામાં આવે તેવા સ્વરૂપમાં અને તેવી રીતે પ્રમાણપત્ર આપવામાં આવશે.

# પ્રકરણ-૬
# બાળકોના હકનું રક્ષણ

## ૩૧. બાળકના શિક્ષણના હક પર દેખરેખ-નિયંત્રણ

(૧) બાળકોના હકના રક્ષણ માટેના અધિનિયમ, ૨૦૦૫ (૨૦૦૬નો ચોથો)ની કલમ-૩ હેઠળ રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ અથવા કલમ-૧૭ હેઠળ રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ, આ અધિનિયમ હેઠળ તેમને સોંપાયેલ કાર્યો ઉપરાંત નીચેનાં કાર્યો પણ કરશે,

અનુક્રમે

(ક) આ અધિનિયમથી અથવા તેના નીચે પૂરા પાઠવેલ હકની સલામતી તપાસવી અને તેની સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલ માટે પગલાંની ભલામણ કરવી :

(ખ) બાળકના મફત અને ફરજિયાત શિક્ષણના હકને લગતી ફરિયાદો અંગે તપાસ કરવી; અને

(ગ) બાળકના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમની કલમ-૧૫ અને ૨૪ હેઠળ જોગવાઈ કર્યા મુજબ જરૂરી પગલાં લેવાં.

(૨) પેટા-કલમ(૧)ના ખંડ(ગ) હેઠળ બાળકના મફત અને ફરજિયાત શિક્ષણને લગતી કોઈ પણ બાબતમાં તપાસ કરતી વખતે ઉક્ત આયોગોને બાળકના હકના રક્ષણ માટેના ઉક્ત આયોગોને લગતા અધિનિયમની અનુક્રમે કલમ-૧૪ અને ૨૪ હેઠળ તેમને સોંપેલી છે તે જ સત્તાઓ રહેશે.

(૩) જ્યાં રાજ્યમાં બાળકના હકના રક્ષણ માટે રાજ્ય આયોગ ન રચાયાં હોય ત્યાં, યોગ્ય સરકાર પેટા-કલમ(૧)ના ખંડ(ક)થી (ગ)માં નિર્દિષ્ટ કરેલાં કાર્યો કરવાના હેતુ માટે, નિયત કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવી રીતે આવા સત્તાતંત્રની રચના કરશે.

## ૩૨. ફરિયાદ-નિવારણ

(૧) કલમ ૩૧માં ગમે તે દર્શાવ્યું હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ બાળકના હકને લગતી કોઈ ફરિયાદ હોય તેવી વ્યક્તિ તેના ક્ષેત્રાધિકાર ધરાવતા સ્થાનિક સત્તાતંત્રને લેખિત ફરિયાદ કરી શકશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળની ફરિયાદ મળ્યા પછી, સ્થાનિક સત્તાતંત્ર સંબંધિત પક્ષકારોને સાંભળવાની યોગ્ય તક આપ્યા પછી ત્રણ મહિનાની અંદર તે બાબત નક્કી કરશે.

(૩) સ્થાનિક સત્તાતંત્રના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ, બાળકના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ કલમ-૩૧ની પેટા-કલમ(૩) હેઠળ નિયત કરેલ સત્તાતંત્રને અપીલ કરી શકાશે.

(૪) પેટા-કલમ(૩) હેઠળ કરેલી અપીલનો નિર્ણય, બાળકના હકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ અથવા કલમ ૩ની પેટા-કલમ(૧)ના ખંડ(ગ) હેઠળ જોગવાઈ કર્યા મુજબ કલમ-૩૧ની પેટા-કલમ(૩) હેઠળ નિયત કરેલ સત્તાતંત્ર કરશે.

## ૩૩. રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના

(૧) કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અને બાળ વિકાસના ક્ષેત્રમાં જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, કેન્દ્ર સરકારને જરૂરી લાગે તેવી વધુમાં વધુ પંદર સભ્યોની બનેલી રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના કરશે.

(૨) રાષ્ટ્રીય સલાહકાર પરિષદનાં કાર્યોમાં આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ અંગે કેન્દ્ર સરકારને સલાહ આપશે.

(૩) રાષ્ટ્રીય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂકની શરતો અને તેમને આપવાનાં ભથ્થાં નિયત કર્યા મુજબ રહેશે.

## ૩૪. રાજ્ય સલાહકાર પરિષદની રચના

(૧) રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અને બાળવિકાસના ક્ષેત્રમાં જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, રાજ્ય સરકારને જરૂરી લાગે તેવી વધુમાં વધુ પંદર સભ્યોની બનેલ રાજ્ય સલાહકાર પરિષદની રચના કરશે.

(૨) રાજ્ય સલાહકાર પરિષદનાં કાર્યોમાં આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ અંગે રાજ્ય સરકારને સલાહ આપશે.

(૩) રાજ્ય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂકની શરતો અને તેમને આપવાનાં ભથ્થાં નિયત કર્યા મુજબ રહેશે.

# પ્રકરણ-૭
# પ્રકીર્ણ

## ૩૫. માર્ગદર્શક સૂચનાઓ આપવાની સત્તા

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે પોતાને યોગ્ય લાગે તેવી માર્ગદર્શક સૂચનાઓ યોગ્ય સરકારે અથવા સ્થાનિક સત્તાતંત્રને આપશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓના અમલ બાબતમાં, યોગ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવી માર્ગદર્શક સૂચનાઓ અને તેવા આદેશ સ્થાનિક સત્તાતંત્ર અથવા શાળા વ્યવસ્થા સમિતિને આપશે.

(૩) આ અધિનિયમની જોગવાઈઓના અમલ અંગે સ્થાનિક સત્તાતંત્ર શાળા વ્યવસ્થા સમિતિને પોતાને યોગ્ય લાગે તેવી માર્ગદર્શક સૂચનાઓ અને તેવા આદેશ આપશે.

## ૩૬. ફોજદારી કાર્યવાહી (Prosecution) માટે પૂર્વ-મંજૂરી

કલમ-૧૩ની પેટા-કલમ(૩), કલમ-૧૮ની પેટા-કલમ(૫) અને કલમ-૧૯ની પેટા-કલમ(૫) હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ માટે યોગ્ય સરકારે જાહેરનામું બહાર પાડી આ અંગે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ-મંજૂરી સિવાય કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે નહિ.

## ૩૭. શુભ આશયથી લીધેલાં પગલાં અંગે રક્ષણ

આ અધિનિયમ અથવા તેની નીચે કરેલા કોઈ નિયમો અને હુકમ અનુસાર શુભ આશયથી કરેલા, અથવા કરવા ધારેલી કોઈ બાબત અંગે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, બાળકોના હકના રક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગ, બાળકોના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ, સ્થાનિક સત્તાતંત્ર, શાળા વ્યવસ્થા સમિતિ અથવા કોઈ વ્યક્તિ સામે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી કરાશે નહિ.

## ૩૮. નિયમો બનાવવા માટે યોગ્ય સરકારની સત્તા

(૧) યોગ્ય સરકાર, આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જાહેરનામું બહાર પાડીને નિયમો ઘડશે.

(૨) ખાસ કરીને ઉપરની સત્તાઓની સામાન્યતાને બાધક નીવડ્યા સિવાય, આવા નિયમો બધા માટે અથવા નીચેની કોઈ બાબત માટે જોગવાઈ કરશે :

(ક) કલમ-૪નો પહેલો પરંતુ(ક) હેઠળ ખાસ તાલીમ આપવાની રીત અને તેની સમય-મર્યાદા;

(ખ) કલમ-૬ હેઠળ નજીકની શાળા સ્થાપવા માટેનો વિસ્તાર અથવા મર્યાદા;

(ગ) કલમ-૯ના ખંડ(ઘ) હેઠળ ચૌદ વર્ષ સુધીમાં બાળકોનો રેકર્ડ જાળવવાની રીત;

(ઘ) કલમ-૧૨ની પેટા-કલમ(૨) હેઠળ ખર્ચ ભરપાઈ કરવાની રીત અને પ્રમાણ;

(ચ) કલમ-૧૪ની પેટા-કલમ(૧) હેઠળ બાળકની ઉંમર નક્કી કરવા માટેના બીજા કોઈ દસ્તાવેજ;

(છ) કલમ-૧૫ હેઠળ પ્રવેશ માટે લંબાવેલી મુદત અને લંબાવેલી મુદત પછી પ્રવેશ અપાયો હોય તો અભ્યાસ પૂરો કરવાની રીત;

(જ) કલમ-૧૮ની પેટા-કલમ(૧) હેઠળ માન્યતા પ્રમાણપત્ર માટે અરજી કરવાની સત્તા, સ્વરૂપ અને રીત;

(ઝ) કલમ-૧૮ની પેટા-કલમ(૨) હેઠળ માન્યતા પ્રમાણપત્ર આપવા માટે સ્વરૂપ, સમય, રીત અને શરતો;

(ટ) કલમ-૧૮ની પેટા-કલમ(૩)ના ખંડ(૨) હેઠળ સાંભળવાની તક આપવાની રીત;

(ઠ) કલમ-૨૧ની પેટા-કલમ(૨)ના ખંડ (ઘ) હેઠળ શાળા વ્યવસ્થા સમિતિએ કરવાનાં બીજાં કાર્યો;

(ડ) કલમ-૨૨ની પેટા-કલમ(૧) હેઠળ શાળા વિકાસ યોજના તૈયાર કરવાની રીત;

(ઢ) કલમ-૨૩ની પેટા-કલમ(૩) હેઠળ શિક્ષકોને ચૂકવવાપાત્ર વેતન અને ભથ્થાં તેમ જ તેમની નોકરીની શરતો;

(ત) કલમ-૨૪ની પેટા-કલમ(૧)ના ખંડ(છ) હેઠળ શિક્ષકે બજાવવાની ફરજો;

(થ) કલમ-૨૪ની પેટા-કલમ(૩) હેઠળ શિક્ષકોની ફરિયાદોના નિવારણની રીત;

(દ) કલમ-૩૦ની પેટા-કલમ(૨) હેઠળ પ્રારંભિક શિક્ષણ પૂરું કરવાનું પ્રમાણપત્ર આપવાનું સ્વરૂપ અને રીત;

(ધ) કલમ-૩૧ની પેટા-કલમ(૩) હેઠળ બાળકોના હકના રક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગની સત્તા, તે રચવાની રીત અને તે માટેની શરતો;

(ન) કલમ-૩૩ની પેટા-કલમ(૩) હેઠળ રાષ્ટ્રીય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂક માટેની બીજી શરતો અને તેમને ચૂકવવાપાત્ર ભથ્થાં;

(પ) કલમ-૩૪ની પેટા-કલમ(૩) હેઠળ રાજ્ય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂક માટેની બીજી શરતો અને તેમને ચૂકવવાપાત્ર ભથ્થાં.

(૩) આ અધિનિયમ હેઠળ બનાવેલ દરેક નિયમ અને કેન્દ્ર સરકારે કલમ-૨૦ અને ૨૩ હેઠળ બહાર પાડેલ દરેક જાહેરનામું તે બનાવ્યા પછી બને તેટલું જલદી સંસદના દરેક ગૃહ સમક્ષ તે ચાલુ હોય તે દરમિયાન કુલ ત્રીસ દિવસના સમય માટે સત્ર હોય ત્યારે મૂકવામાં આવશે, તે એક સત્ર અથવા બે અથવા વધારે સળંગ સત્રોનું બનેલું રહેશે અને સત્ર પછી તરતનું સત્ર પૂરું થયા પહેલાં, બંને ગૃહો નિયમ અથવા જાહેરનામામાં કોઈ ફેરફાર કરવા માટે સંમત થાય અથવા બંને ગૃહોએ નિયમ અથવા જાહેરનામું બનાવવું જોઈએ એમાં સંમત થાય, તો નિયમ અથવા જાહેરનામું આવા ફેરફાર કરેલ સ્વરૂપમાં તે અમલમાં આવશે અથવા યથાપ્રસંગ અમલમાં નહિ આવે તેમ છતાં, આવા કોઈ ફેરફાર કે રદ કરવાની બાબત, નિયમ અથવા જાહેરનામા હેઠળ અગાઉ કરેલી કોઈ પણ બાબતની કાયદેસરતાને બાધક નીવડશે નહિ.

(૪) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકાર દરેક નિયમ અથવા જાહેરનામું તે કર્યા પછી બને તેટલું વહેલું રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકશે.

# અનુસૂચિ
## (જુઓ કલમ-૧૯ અને ૨૫)
## શાળા માટેનાં ધોરણ અને માપદંડ

| ક્રમ નં. | બાબત | ધોરણો અને માપદંડ | |
|---|---|---|---|
| ૧. | શિક્ષકોની સંખ્યા | | |
| | (ક) પ્રથમ ધોરણથી પાંચમા ધોરણ માટે | દાખલ કરેલ બાળકો | શિક્ષકોની સંખ્યા |
| | | સાઠ સુધી | બે |
| | | એકસઠથી નેવું વચ્ચે | ત્રણ |
| | | એકાણુંથી એકસો વીસ વચ્ચે | ચાર |
| | | એકસોવીસથી બસો વચ્ચે | પાંચ |
| | | એકસો પચાસ બાળકોથી વધારે | પાંચ વત્તા એક મુખ્ય શિક્ષક |
| | | બસો બાળકોથી વધારે | વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (મુખ્ય શિક્ષક સિવાય) ચાલીસથી વધશે નહિ. |
| | (ખ) છઠ્ઠા ધોરણથી આઠમા ધોરણ માટે | (૧) વર્ગદીઠ ઓછામાં ઓછો એક શિક્ષક, જેથી નીચેના દરેક વિષય માટે ઓછામાં ઓછો એક શિક્ષક રહેશે --<br>(૧) વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર<br>(૨) સામાજિક અભ્યાસ<br>(૩) ભાષાઓ<br>(૨) પ્રત્યેક પાંત્રીસ બાળકો માટે ઓછામાં ઓછો એક શિક્ષક<br>(૩) બાળકોનો પ્રવેશ એકસોથી વધારે હોય ત્યાં<br>(૧) એક પૂર્ણકાલીન મુખ્ય શિક્ષક<br>(૨) નીચેના માટે અંશકાલીન પ્રશિક્ષક :<br>(ક) કલા શિક્ષણ<br>(ખ) આરોગ્ય અને શારીરિક શિક્ષણ<br>(ગ) કાર્યશિક્ષણ | |

| ક્રમ નં. | બાબત | ધોરણો અને માપદંડ |
|---|---|---|
| ૨. | મકાન | નીચેનાનું બનેલું બારમાસી મકાન<br>(૧) દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ અને કાર્યાલય સહ-સ્ટોર-સહ-મુખ્ય શિક્ષકનો ખંડ<br>(૨) અવરોધ મુક્ત પ્રવેશ<br>(૩) છોકરા અને છોકરીઓ માટે અલગ ટોઇલેટ<br>(૪) બધાં બાળકો માટે સલામત અને પીવાના પૂરતા પાણીની સગવડ<br>(૫) શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાનું ભોજન રંધાતું હોય તે રસોડું<br>(૬) ક્રીડાંગણ<br>(૭) શાળાના મકાનના રક્ષણ માટે હદની દીવાલ અથવા વાડ માટેની વ્યવસ્થા |
| ૩. | શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછામાં ઓછા દિવસ/<br><br>શિક્ષણના કલાક | (૧) પ્રથમ ધોરણથી પાંચમા ધોરણ માટે કામકાજના બસો દિવસ<br>(૨) છઠ્ઠાથી આઠમા ધોરણ માટે કામકાજના બસો વીસ દિવસ<br>(૩) એકથી પાંચમા ધોરણ માટે શૈક્ષણિક વર્ષ દીઠ શિક્ષણના આઠસો કલાક<br>(૪) છઠ્ઠાથી આઠમા ધોરણ માટે શૈક્ષણિક વર્ષદીઠ શિક્ષણના એક હજાર કલાક |
| ૪. | શિક્ષક માટે અઠવાડિયા દીઠ કામકાજના ઓછામાં ઓછા કલાક | તૈયારીના કલાક સહિત શીખવવાના પિસ્તાળીસ કલાક |
| ૫. | શીખવવાની-ભણવાની સાધનસામગ્રી | દરેક વર્ગને જરૂર મુજબ પૂરી પાડવામાં આવશે. |
| ૬. | ગ્રંથાલય | દરેક શાળામાં ગ્રંથાલય રહેશે. તેમાં સમાચાર પત્રો, મૅગેઝિન, તમામ વિષયો પરનાં પુસ્તકો તેમજ વાર્તાની ચોપડીઓ રહેશે. |
| ૭. | રમતની સામગ્રી, રમત અને ખેલકૂદની સાધનસામગ્રી | દરેક વર્ગને જરૂર મુજબ પૂરી પાડવામાં આવશે. |

**(ટી. કે. વિશ્વનાથન)**
ભારત સરાકરના સચિવ

# બાળશિક્ષા નિર્મૂલન અને સમાજઘડતર

**પ્રસ્તાવના :**

બાળક જ્યારે જન્મે છે ત્યારે તે પૂર્વગ્રહ રહિત ઈશ્વરની ભેટ છે. આસપાસના પર્યાવરણમાંથી તેના ખ્યાલો બંધાય છે અને આ વિચારો જ તેનું સર્જન કરે છે. આસપાસના વિચારોથી તેનો સ્વભાવ નિર્માણ થાય છે અને તે જ સ્વભાવ જ્યારે સમૂહમાં આવે ત્યારે તેવા વિચાર ધરાવતો સમાજ નિર્માણ થાય છે. જો નાનપણમાં બાળકને વિકસવાની તક આપી હોય, તેની સાથે સહૃદયતા દાખવી હોય, સદ્‌ભાગીતાથી વર્તાવ કર્યો હોય તો સમાજમાં જ્યારે તે એક નાગરિકની હેસિયતથી ઊભું રહેશે ત્યારે નિર્માણ થતાં સમાજમાં પણ આ બધા ગુણધર્મો હશે. અને પરિણામે બીજાના વિકાસની ચિંતા કરનારો, સહૃદયી અને સૌના અસ્તિત્વને સ્વીકાર કરનાર સમાજ તૈયાર થશે. પરંતુ બાળક સાથેનો આપણો વ્યવહાર, જિદ્દી, આગ્રહથી આપણી વાત મનાવનારો, શિક્ષાયુક્ત હશે તો સમાજ પણ આવો જ તૈયાર થશે. આમ નાનપણમાં મળેલ વાતાવરણ અને વિશ્વશાંતિને સીધો જ સંબંધ છે. આમ વિશ્વશાંતિ માટે જો બાળકો સાથે નાનપણથી જ યોગ્ય વર્તન-વ્યવહાર કરવામાં આવે તો એક શાણો સમાજ નિર્માણ કરી શકીશું. વળી એ પણ હકીકત છે કે આ કામ એકલદોકલનું નથી. કારણ કે, સમાજનો સ્વભાવ એટલે મોટા ભાગના લોકોનું વર્તન-વ્યવહાર. આથી આ કામ આપણે સામૂહિક ધોરણે સૌએ કરવાનું થાય. અહીં રજૂ કરેલ મુદ્રાઆધારિત આપણે સૌ થોડો પણ પ્રયત્ન કરીશું તો આવનારી પેઢીને એક સભ્ય સંસ્કૃતિ તરફ લઈ જઈ શકીશું.

**ઉદ્દેશ્ય :**

૧. બાળશિક્ષા નિર્મૂલનથી વિશ્વશાંતિ લાવવી.

૨. બાળકોને પૂરતી તકો, સ્વતંત્રતા આપીને એક સભ્ય સમાજનો પાયો નાંખવો.

અહીં પહેલા ઉદ્દેશ્યમાં ‘શું ન કરવું’ તેની વાત છે ! જ્યારે બીજા ભાગમાં ‘શું કરવું’ તેની વાત છે.

**તાલીમના હેતુઓ :**

બાળશિક્ષા નિર્મૂલન અને વિશ્વશાંતિના સંદર્ભે

૧. બાળકો સાથે શિક્ષકનું વર્તન કેવું હોય તે નક્કી કરવું.

૨. વાલી સાથે શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરવી.

૩. વધુ ક્રિયાશીલ (Hiper Active) બાળકો માટે શિક્ષક શું કરી શકે તેની સમજ વિકસાવવી.

આ તાલીમ દરમિયાન પ્રથમ તબક્કામાં On air દ્વારા બાળશિક્ષા નિર્મૂલન અને વિશ્વશાંતિ માટે તજ્જ્ઞ દ્વારા કેટલાક મુદ્દાની સમજ અપાશે. જેમાં, આ વિષયના હેતુ, કેટલાક પ્રસંગો, તજ્જ્ઞો, મનોવૈજ્ઞાનિકો, ચિકિત્સકોનું તારણ રજૂ કરાશે.

ત્યાર પછી Off airમાં શિક્ષકો સાથે નીચે મુજબની પ્રક્રિયા કરવી.

**જૂથ ચર્ચા :**

૧. વર્ગસંચાલક શિક્ષકોને એક ચર્ચાપત્ર આપશે. આ ચર્ચાપત્રના દરેક પ્રશ્નો વિશે દરેક શિક્ષકશ્રી સ્વતંત્ર રીતે પોતાના વિચારો લખશે. (સમય : ૧૫ મિનિટ)

૨. બીજા તબક્કામાં બે-બે શિક્ષક મિત્રો સાથે મળી તેમના જવાબો સરખાવશે. જે મુદ્દાઓ સરખા હોય તેને અલગ તારવશે. જે મુદ્દા જુદા પડે છે તેની ચર્ચા કરશે. જો બંનેની સહમતી થશે તો તેને મૂળ યાદીમાં ઉમેરવા. બેમાંથી એક પણ શિક્ષક કોઈ મુદ્દા સાથે અસહમત હોય તો તેને યાદીમાંથી કાઢી નાખવા. આમ ચર્ચાના અંતે પ્રશ્નોના જવાબોની નવી યાદી તૈયાર થશે. (સમય : ૧૫ મિનિટ)

૩. ત્રીજા તબક્કામાં બે-બે શિક્ષકોનાં બે જૂથ મળી ચાર-ચાર શિક્ષકો સાથે મળી ઉપરની પ્રક્રિયા કરી સર્વસહમત જવાબોની યાદી તૈયાર કરશે. (સમય : ૧૫ મિનિટ)

૪. ચોથા તબક્કામાં પણ આ જ પ્રક્રિયા ફરીથી થશે. આ વખતે પણ બે જૂથ સાથે મળી નવી યાદી તૈયાર કરશે.

૫. વર્ગસંચાલક પાસે આવી કુલ ૫થી ૮ યાદી તૈયાર થઈ હશે. આ યાદીને સૌની સમક્ષ રજૂ કરવી. જરૂર જણાય ત્યાં ચર્ચા કરવી. સમગ્ર ચર્ચના અંતે આખા વર્ગની સામાન્ય જવાબોની યાદી તૈયાર થશે. (સમય : ૩૦ મિનિટ)

ચર્ચાના અંતે કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવશે. શક્ય છે કે સૌનું સમાધાન ન પણ થયું હોય. કદાચ સૌ શિક્ષક મિત્રોને અમુક મુદ્દામાં સંપૂર્ણ અસહમતી હોય. આવા મુદ્દાને અલગ તારવી પ્રશ્નોત્તરી સમયમાં રજૂ કરવા.

**ચર્ચાપત્ર :**

૧. બાળશિક્ષા એટલે શું ?

૨. બાળશિક્ષાના પ્રકાર, સ્થાન અને સ્વરૂપ શું હોઈ શકે ?

૩. મારા બાળપણના અનુભવો શું છે ?

૪. જો બાળશિક્ષા રોકીએ નહિ તો શું થાય ?

૫. બાળશિક્ષા નિર્મૂલન માટે હું શું કરી શકું ?
(એક વાલી તરીકે, એક શિક્ષક તરીકે)

૬. આગામી દિવસોમાં હું ચોક્કસ કરીશ તેવા મુદ્દા કયા કયા ?

૭. મારે મારા આયોજન મુજબ અમલ કરવા કેવા પ્રકારની મદદની જરૂર પડશે ?

 ૧. માહિતીના સંદર્ભમાં

 ૨. તજ્જ્ઞના સંદર્ભમાં

 ૩. સાધન-સામગ્રીના સંદર્ભમાં

 ૪. વહીવટી સંદર્ભમાં

સૌથી છેલ્લે On air દરમિયાન દરેક શિક્ષકમિત્રો પોતાની સમસ્યા રજૂ કરશે. આ ઉપરાંત On air દરમિયાન બાળકોની શિક્ષા રોકવાના વિકલ્પે સર્જનાત્મકતાના કેટલાક મુદ્દાની પણ રજૂઆત કરવામાં આવશે.

# શિક્ષક નોંધ